## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



દિકરાને સારું થઈ જાય પછી કહેજે... મારા ધ્યાનમાં એક કોરોના પોઝિટીવ છોકરી છે...!!

# કોઈપણ ખાનગી શાળાઓ વાલીઓ પર ફી ભરવા માટે દબાણ નહીં કરી શકે : ભૂપેન્દ્રસિંહ

ગાંધીનગસ, તા. ૧૩ રાજ્યની કેટલીક ખાનગી શાળાઓ ચાલુ વર્ષની શૈક્ષણિક ફી લેવા માટે વાલીઓ પર દબાણ કરતી હોવાની રજૂઆતો અને અહેવાલોના પગલે શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે, કોઈપણ શાળા સંચાલકો વિદ્યાર્થીઓ કે વાલીઓને ચાલુ વર્ષની શૈક્ષણિક ફી તાત્કાલિક વસૂલ કરવા દબાણ કરી શકશે નહીં. ૧૩મી એપ્રિલના રોજ રાજ્યના શાળા સંચાલક મંડળના આગેવાનોની રાજ્ય સરકાર સાથે થયેલી સમજૂતી મુજબ વાલીઓ શૈક્ષણિક ફી આગામી સપ્ટેમ્બર માસ સુધીમાં, માસિક હપ્તા કે પોતાની અનુકૂળતા મુજબ ભરી શકશે. આ સમજૂતી મુજબ જ શાળા સંચાલકોએ વાલીઓ પાસેથી ચાલુ વર્ષની શૈક્ષણિક ફી વસૂલ કરવાની રહેશે. આમ છતાં પણ જો કોઈ ખાનગી શાળાએ ફી અંગે કોઈ દબાણ કર્યું હોવાની ફરિયાદ મળશે તેવા કિસ્સામાં શિક્ષણ વિભાગ જે તે શાળા સામે નિયમાનુસાર કાર્યવાહી કરશે. જયાં આવી ફરિયાદ મળી છે ત્યાં નોટિસ આપવામાં આવી છે, તેમ શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે.

આજે ગાંધીનગર ખાતે શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, શૈક્ષણિક ફી સિવાયની ટ્રાન્સપોર્ટેશન, પુસ્તકો કે અન્ય સ્ટેશનરી અંતર્ગત પણ કેટલીક શાળાઓ ફી ઉઘરાવતી હોવાની ફરિયાદો મળતી હોય છે ત્યારે શાળાઓ યુનિફોર્મ, પુસ્તકો કે ટ્રાન્સપોર્ટેશન જેવી અન્ય કોઈપણ ફી માટે વાલીઓ પર દબાણ કરી શકશે નહીં અને જો આવું દબાણ થતું હોવાની ફરિયાદો મળશે તો તેની સામે પણ નિયમાનુસાર કાર્યવાહી કરાશે.

૧૩મી એપ્રિલના રોજ શાળા સંચાલક મંડળના હોદ્દેદારો સાથે શિક્ષણ વિભાગની શાળાઓની ફી સંબંધે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં થયેલી સમજૂતી મુજબ સામાન્ય રીતે પ્રતિ વર્ષ શૈક્ષણિક ફીમાં ૫ થી ૭ ટકાનો વધારો થતો હોય છે, તે વધારો ચાલુ વર્ષની કોરોના-કોવિડ-૧૯ની મહામારીના કારણે સર્જાયેલી સ્થિતિના કારણે વાલીઓને આર્થિક રાહત આપવા શાળાને મંજૂરી નહી અપાય તેવો નિર્ણય પણ એફ.આર.સી. દ્વારા લેવાયો છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા વર્ચુઅલ સંવાદ કાર્યક્રમ અંતર્ગત આજે મહેશભાઈ કસવાલાએ સંવાદ કર્યો હતો જેમાં સાંસદો એચ.એસ. પટેલ, શારદાબેન પટેલ તથા ધારાસભ્ય શંભુજી ઠાકોર સહિતના આગેવાનો જોડાયા હતા.
- ગઈકાલે ગાંધીનગર મહાનગર ભાજપના કાર્યકરો સાથે પ્રદેશ ઉપાધ્યક્ષ ગોરધનભાઈ ઝડફિયાએ વચ્ર્યુઅલ સંવાદ કર્યો હતો.
- આજે બીજા શનિવારની રજા હોવા છતાં આરોગ્ય વિભાગ સહિત અન્ય કેટલાક વિભાગોની કચેરીઓ કાર્યરત રહી હતી.
- ગાંધીનગર જિલ્લામાં ખરીફ ઋતુના વાવેતરમાં વેગ આવ્યો છે.
- ગાંધીનગર જિલ્લામાંથી ચણાની ૨૩૯૫ બોરી તંત્ર દ્વારા ખરીદી ટેકાના ભાવે થઈ છે.
- ગાંધીનગર શહેરમાં અનલોક-૧ અમલી બન્યા પછી મોર્નિંગ વોકર્સ તેમજ ઈવનીંગ વોકર્સની સંખ્યામાં વધારો થયો છે. મોર્નિંગ વોરક્સમાં ઉકાળાએ ભારે આકર્ષણ જમાવ્યુ છે.

# અમદાવાદ જગન્નાથજીની પ્રસિદ્ધ રથયાત્રાના સમયમાં ફેરફારના એંધાણ

## રાજ્ય સરકાર અને મંદિરની વચ્ચે શહેરમાં યોજનારી રથયાત્રાના સમયમાં ફેરફાર કરવાના સંદર્ભે વાતચીત

અમદાવાદ, તા. ૧૩ કોરોના મહામારીને લીધે પ્રથમવાર ભગવાન જગન્નાથજીની ૧૪૩મી રથયાત્રા સહિત તમામ આયોજનોમાં ફેરફાર થઈ રહ્યા છે. આ રથયાત્રા નિજમંદિર બપોર સુધી પરત લાવવાની પ્રાથમિક વાતચીત મંદિર અને સરકાર વચ્ચે થઈ છે. કોરોના મહામારીને લીધે રથયાત્રા ૧૪૩ વર્ષના ઈતિહાસમાં પ્રથમવાર ભગવાન જગન્નાથજીની રથયાત્રા સાદગીપૂર્ણ નીકળશે. રાજ્ય સરકાર અને મંદિર વચ્ચે મૌખીક વાતચીત આજે રથયાત્રાના સમયમાં ફેરફાર કરવા સંદર્ભે થઈ હતી. વર્ષોથી પરંપરાગત રીતે વહેલી સવારે રથયાત્રા નીકળતી હતી તે જ પ્રમાણે સવારના રથયાત્રા સમયસર નીકળશે.

રૂટ પ્રમાણે આગળ વધી સરસપુરમાં મોસાળુ પતાવી નિજમંદિરે બપોરે ૨ વાગતા સુધીમાં આવી જાય તેવું આયોજન કરાયું છે. પોલીસે પણ મંજુરી આપી હોવાનું જાણવા મળે છે. આગામી ૧૫મી જુને મંદિરમાં ટ્રસ્ટી અને સરકારના પ્રતિનિધિ વચ્ચે મિટીંગ થશે. આ મિટીંગમાં ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા હાજર રહેશે તેવી સંભાવના છે. ભગવાન જગન્નાથજીની ૧૪૩મી રથયાત્રાના આયોજન અંગે વિસ્તારથી નિર્ણય લેવામાં આવશે. દરમિયાન, હવે ભગવાન જગન્નાથજીની ૨૩મી જુને નીકળનાર ૧૪૩મી રથયાત્રા માટે મંદિરમાં આખરી ઓપ અપાઈ રહ્યો છે. ભગવાન જગન્નાથના રથનું રંગકામ અને પૈડાનું સમારકામ ચાલી રહ્યું છે. ભગવાનના શણગારનું કાર્ય ચાલી રહ્યું છે.



ગાંધીનગર શહેરમાં કચરાના વ્યવસ્થાપન માટે ઠેર ઠેર ડસ્ટબીન મૂકવામાં આવ્યા છે. પરંતુ તેનો યોગ્ય ઉપયોગ થતો હોય તેવું જણાતું નથી. અરે ખુદ સફાઈ કર્મચારીઓ તેનો યોગ્ય ઉપયોગ કરતા નથી. કચરાપેટીમાં કચરો નાંખવાને બદલે તેની આસપાસ જ કચરાના ઢગલા કરી દેવાય છે. જેના કારણે ગંદકીમાં ખૂબ જ વધારો થાય છે.



સ્માર્ટ સીટીની રેસમાં આગળ વધવા શહેરમાં અનેક યોજનાકીય કાર્યને વેગ આપવામાં આવ્યો છે. લોકડાઉન પૂર્ણ થતાં શહેરના વિકાસની અનેક યોજનાઓને પાટા પર ચઢાવાઈ રહી છે. અધૂરાં કામોને આગળ ધપાવાઈ રહ્યા છે. ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા મહિનાઓથી વરસાદી પાણીના નિકાલ માટેની પાઈપલાઈન નાંખવાનું કાર્ય ચાલી રહ્યું છે કેટલાક સેકટરોમાં હજુ આ કાર્ય અધુરું છે. તેને પૂર્ણ કરવામાં આવી રહ્યું છે.

# વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય જળવાઈ તે માટે ૧૫મીથી શરૂ થશે "હોમ લર્નિંગ"

હાલની કોરોનાની મહામારીના કારણે છેલ્લા કેટલાક સમયથી શૈક્ષણિક કાર્ય અને શાળાકીય શિક્ષણ બંધ છે ત્યારે વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યને વિપરીત અસર ન પહોંચે તે માટે શિક્ષણ વિભાગે મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન હેઠળ "હોમ લર્નિંગ"નો મહત્વનો નિર્ણય લીધો છે. આ નિર્ણય અંતર્ગત મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ૧૫મી જૂન, ૨૦૨૦ને સોમવારના રોજ સવારે ૮.૦૦ કલાકે ડીડી ગિરનાર ઉપરથી હોમ લર્નિંગ કાર્યક્રમનો પ્રારંભ કરાવશે.

શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવેની ઉપસ્થિતિમાં હોમ લર્નિંગ અભિયાન અંગેની વિગતવાર માહિતી આપતાં આજે ગાંધીનગર ખાતે જણાવ્યું હતું કે, દૂરદર્શન ડીડી ગિરનાર દ્વારા શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ થશે તેમાં ધો. ૩ થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો છે. આ ઉપરાંત બાયસેગ દ્વારા વંદે ગુજરાત ચેનલ ઉપર પણ જીસીઈઆરટી તથા માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૫ થી ૧૨ના કાર્યક્રમોનું પ્રસારણ પણ કરાશે. આ હોમ લર્નિંગ કાર્યક્રમ અંતર્ગત જે વિદ્યાર્થીઓ પાસે ટી.વી. કે મોબાઈલની સુવિધા નથી તેવા વિદ્યાર્થીઓ માટે ધો. ૧ થી ૮ માટે જીસીઈઆરટી દ્વારા તૈયાર થયેલ શૈક્ષણિક પ્રવૃત્તિ કે વર્કશીટ જે તે જિલ્લા દ્વારા પ્રિન્ટ કરીને શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને સમયસર વિતરણ થાય તેનું પણ નક્કર આયોજન કરાયું છે.

તેની સાથોસાથ શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ પાઠયપુસ્તકો ઘરે ઘરે પહોંચાડવાની કામગીરી પણ હાલમાં ચાલુ છે અને આ પુસ્તકો કે શૈક્ષણિક સામગ્રી સમયસર વિદ્યાર્થીઓને પહોંચે તેની વ્યવસ્થા પણ જે તે જિલ્લાના સ્થાનિક તંત્રએ કરવાની રહેશે.

આ પાઠયપુસ્તકની વિશેષતા એ છે કે, ઊઈ કોડ દ્વારા ઓડિયો વિઝયુઅલ સામગ્રી મોબાઈલના માધ્યમ દ્વારા જોઈ શકાશે. હોમ લર્નિંગના કાર્યક્રમને સુનિશ્ચિત કરવા માટે વર્ગ શિક્ષકો દ્વારા વાલી તથા વિદ્યાર્થીઓને ફોનથી સંપર્ક કરશે અને વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ દૂર કરવા માર્ગદર્શન આપશે. રાજ્યની સરકારી શાળાના શિક્ષકો દ્વારા પણ શકય હોય ત્યાં ઓનલાઈન શિક્ષણનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

# ડિસ્ચાર્જનું રટણ, રજિસ્ટરમાં દર્દીની એક્ઝિટ એન્ટ્રી જ નથી

અમદાવાદ, તા. ૧૧ સિવિલની કોવિડ હોસ્પિટલની વધુ એક ગંભીર બેદરકારી સામે આવી છે. કોવિડમાં દાખલ ૪૦ વર્ષનો દર્દી ગુમ થઈ જતા પરિવારે તપાસ હાથ ધરી હતી. દર્દીને હોસ્પિટલના રેકર્ડમાં તારીખ ૨૭ મેનાં રોજ ડિસ્ચાર્જ આપ્યાનો ઉલ્લેખ છે. બીજી તરફ દર્દી બીજા દિવસે તારીખ ૨૮ મેના રોજ મોબાઈલ ફોન પર હોસ્પિટલમાં હોવાનું સગાને જણાવે છે. હોસ્પિટલના કમ્પ્યુટર રેકોર્ડમાં ડિસ્ચાર્જ એન્ટ્રી છે, જયારે દર્દીની એક્ઝિટ એન્ટ્રી રજિસ્ટરમાં બતાવતી નથી એમ સગાનું કેહવું છે. શાહીબાગ પોલીસ સ્ટેશનમાં દર્દીના ગુમ થવા અંગે સગાએ ફરિયાદ આપી છે. વટવાની મહાલક્ષ્મી સોસાયટીમાં રહેતા અજયસિંહ દશરથસિંહ રાજપૂત (ઉં,૪૦)ની ગત તારીખ ૨૬ મેનાં રોજ તબિયત લથડતા ઈમરજન્સી એમ્બ્યુલન્સમાં અજયસિંહના ૭૦ વર્ષીય વૃદ્ધ માતા સજનબા દીકરાને લઈ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં આવ્યા હતા. સિવિલની કોવિડ હોસ્પિટલના ઓ.પી વોર્ડમાં અજયસિંહને દાખલ કરવામાં આવ્યો હતો. બાદમાં હોસ્પિટલમાં દાખલ અજયસિંહ માતાને ગાર્ડ પાસે મેસેજ મોકલાવી ઘરે જવાનું કેહતા ગત તારીખ ૨૮મીએ વટવા ઘરે પહોંચી ગયા હતા. પાડોશી હસમુખ પ્રજાપતિએ અજયસિંહ સાથે વાત કરતા દર્દીએ જણાવ્યું કે, મારા રિપોર્ટ નોર્મલ છે, મને જમવાનું,ચા-નાસ્તો મળે છે.

આમ હોસ્પિટલમાં અજયસિંહ તે દિવસે પણ સારવારમાં હોવાનું કહે છે. જો કે, અજયસિંહનો બીજા દિવસે ફોન બંધ થયા બાદ સતત સ્વીચ ઓફ આવતો હતો. આખરે પરિવારજનોએ ગત તારીખ ૧૦મી જૂનના રોજ હોસ્પિટલ જઈ તપાસ કરી હતી. હોસ્પિટલે ગત તારીખ ૨૭મી મેન રોજ અજયસિંહ ડિસ્ચાર્જ કર્યાનું જણાવ્યું હતું. અજયસિંહના બનેવી પુષ્પેન્દ્રસિંહએ જણાવ્યું હતું કે, અમે હોસ્પિટલના અધિકારીઓને ગત તારીખ ૨૮ મેંના દિવસે વાત કરી હતી ત્યારે અજયસિંહે પોતે હોસ્પિટલમાં હોવાનું જણાવ્યું હતું. તેવી વાત કરતા તેવોએ અમે ડિસ્ચાર્જ કર્યા છે તેવો જવાબ આપ્યો હતો. જો કે, અજયસિંહ કોવિડ હોસ્પિટલમાંથી એક્ઝિટ થયા તેની કોઈ એન્ટ્રી કે અજયસિંહની સહી રજિસ્ટરમાં નથી. આ અંગે સિવિલના તમામ વોર્ડ તેમજ બધે તપાસ કર્યા બાદ અમે શાહીબાગ પોલીસ સ્ટેશનમાં મારા સાળાના ગુમ થયાની જાણવાજોગ ફરિયાદ આપી છે.



## ચિલોડા સર્વીસ રોડ પર મસ મોટા ગાબડા

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથકે નેશનલ હાઈવે માર્ગ તથા ઓવરબ્રીજનું કામકાજ પૂરજોસમાં અંતિમ તબક્કામાં પ્રવેશ્યુ છે ત્યારે ચિલોડા હિંમતનગર જવાના ચિલોડા ઓવરબ્રીજ પાસે જવાનો એકમાત્ર સર્વીસ રોડ પર ચિલોડાથી માત્ર અડધા કિ.મી. સુધી માટી પુરાણ કરી ઊંચો બનાવ્યો છે. ત્યાર પછીના માર્ગનું કામ અધુરૂ મુકી દેતાં આ માર્ગ પર ઓવરબ્રીજની ખૂબજ નજીક ચોમાસાનું પાણી ભરાતાં મસમોટા મોત સમાન ખાડાનું સામ્રાજ્ય સર્જાતા મીની તળાવ અને બિસ્માર રસ્તો બનતાં વાહનો પલટી ખાઈ જવાના અને ફસાઈ જતા અનેક વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. આ અંગે સત્તાવાહકો-માર્ગ કોન્ટ્રાક્ટરોના અધિકારીને રસ્તાની બિસ્માર હાલતમાંથી છૂટકારો આપવા તાત્કાલિક માર્ગનું મરામત કરવા ઉગ્ર રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી હાથ ન ધરાતાં વિસ્તારમાં નારાજગી સર્જાઈ છે.


માસ્ક સાથે બે ગજનું અંતર જાળવીએ — આપણે સુરક્ષિત, તો રાષ્ટ્ર સુરક્ષિત

સત્યમેવ જયતે ગુજરાત સરકાર

## ૬૮ લાખથી વધુ NFSA રેશનકાર્ડધારકોને સતત ત્રીજા મહિને



૧૫મી જૂનથી વિનામૂલ્યે અન્ન વિતરણ



રાજ્યના ૩.૪૦ કરોડ લોકોને જૂન મહિનામાં મળવાપાત્ર અન્ન ઉપરાંત પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ વિનામૂલ્યે અન્ન વિતરણ કરાશે

- અન્ન વિતરણ વ્યવસ્થા સરળતાથી કાર્યરત રહે તે માટે તા. ૧૫મી જૂનથી ૨૪ જૂન દરમ્યાન (૧૫ આંકડાના રેશનકાર્ડ નંબરમાં પાછલા આંકડાની સંખ્યા એટલે કે છેલ્લે ૨૧ હોય તો ૧ નંબર સમજવો) તે મુજબ અન્ન વિતરણના દિવસો નિર્ધારીત રહેશે.

| બુકલેટ નંબર : XXXXX XXXXX | NFSA (AAY+PHH) Card |
|---|---|
| રેશન કાર્ડ નં: | XXXXX XXXXX XXXX1 જન સંખ્યા XX |

- રાજ્યભરમાં આવેલી ૧૭ હજાર જેટલી સસ્તા અનાજની દુકાનો પરથી NFSA (AAY+PHH) રેશનકાર્ડ ધરાવનારને જૂન-મહિનામાં મળવાપાત્ર જથ્થાનું નિયમિત વિતરણ તથા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ વ્યક્તિદીઠ ૩.૫ કિ.ગ્રા. ઘઉં, ૧.૫ કિ.ગ્રા. ચોખા અને કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. ચણા અને એપ્રિલ ૨૦૨૦માં મળવાપાત્ર ૧ કિ.ગ્રા. ચણા પણ ચાલુ માસમાં વિનામૂલ્યે અપાશે
- ગ્રાહકે પોતાનું રેશનકાર્ડ, આધારકાર્ડ/ઓળખકાર્ડ સાથે રાખવું

### NFSA રેશનકાર્ડ ધારકોના કાર્ડ નંબરમાં

છેલ્લા આંકડાનો નંબર ૧ હોય તેમને તા. ૧૫ જૂન
છેલ્લા આંકડાનો નંબર ૨ હોય તેમને તા. ૧૬ જૂન
છેલ્લા આંકડાનો નંબર ૩ હોય તેમને તા. ૧૭ જૂન
છેલ્લા આંકડાનો નંબર ૪ હોય તેમને તા. ૧૮ જૂન
છેલ્લા આંકડાનો નંબર ૫ હોય તેમને તા. ૧૯ જૂન
છેલ્લા આંકડાનો નંબર ૬ હોય તેમને તા. ૨૦ જૂન
છેલ્લા આંકડાનો નંબર ૭ હોય તેમને તા. ૨૧ જૂન
છેલ્લા આંકડાનો નંબર ૮ હોય તેમને તા. ૨૨ જૂન
છેલ્લા આંકડાનો નંબર ૯ હોય તેમને તા. ૨૩ જૂન
છેલ્લા આંકડાનો નંબર ૦ હોય તેમને તા. ૨૪ જૂને
વિનામૂલ્યે અન્ન વિતરણ કરવામાં આવશે.

અનિવાર્ય સંજોગોમાં જો કોઈ રહી ગયુ હશે તો તેઓ તા. ૨૫મી જૂનથી વહેલી તકે વ્યાજબી ભાવની દુકાનેથી અન્ન મેળવી લેવાનો રહેશે

### વન નેશન, વન રેશનકાર્ડ યોજના

કેન્દ્ર સરકારની "વન નેશન, વન રેશનકાર્ડ" યોજના હેઠળ દેશનો કોઈપણ NFSA રેશનકાર્ડ ધારક પોતાના અંગૂઠા/આંગળીની છાપ દ્વારા ઓળખ પ્રસ્થાપિત કરીને સમગ્ર રાજ્યમાં કોઈપણ સસ્તા અનાજની દુકાનેથી જૂન-૨૦૨૦માં વિનામૂલ્યે અન્ન પુરવઠો મેળવી શકશે

કોરોના વાયરસથી બચવા અન્ન મેળવતી વખતે માસ્ક જરૂર પહેરીએ તથા ખોટી ભીડ ન કરીએ અને સોશ્યલ ડિસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરીએ - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત